# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 6-8-2024 Midday : 1.20 to 1.30 PM
Day : Tuesday National News

આકાશવાણી- સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

- બાંગલાદેશની ભૂ-રાજકીય સ્થિતિની સમીક્ષા કરવા કેન્દ્ર સરકારે સર્વપક્ષીય બેઠક યોજી - બાંગલાદેશના રાષ્ટ્રપતિએ ટૂંક સમયમાં સંસદ બરખાસ્ત કરવાની જાહેરાત કરી
- ફિજી અને પ્રશાંત ક્ષેત્રના વિકાસમાં ભારતીય પ્રવાસીઓનું મહત્વનું યોગદાન હોવાનું જણાવતા રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ
- ભારતની અધ્યક્ષતામાં બિમ્સટેકના વેપાર શિખર સંમેલનનો આજથી નવી દિલ્હીમાં પ્રારંભઃ
- હવામાન વિભાગે આજે ઉત્તર પશ્ચિમ અને પૂર્વીય ભારતના કેટલાંક વિસ્તારોમાં વરસાદની આગાહી કરી
- પેરિસ ઓલિમ્પિકમાં હૉકીની ફાઇનલમાં સ્થાન મેળવવા ભારતીય ટીમ આજે જર્મનીનો મુકાબલો કરશે.

*****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## REV. ALL PARTY MEETING

બાંગ્લાદેશમાં તણાવની સ્થિતિને જોતા કેન્દ્ર સરકારે આજે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. બેઠક દરમિયાન કેન્દ્રીય વિદેશ મંત્રી એસ.

જયશંકરે બાંગ્લાદેશની સ્થિતિ વિશે માહિતી આપી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે સર્વપક્ષીય બેઠકમાં સમર્થન આપવા બદલ તમામ પક્ષોની સરાહના કરી હતી.

આ બેઠકમાં કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ, ગૃહમંત્રી અમિત શાહ, સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજુ, આરોગ્ય મંત્રી જે પી. નડ્ડા ઉપરાંત વિપક્ષમાંથી કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી, તૃણમૂલ કૉંગ્રેસના નેતા સુદિપ બંદોપાધ્યાય, NCP નેતા સુપ્રીયા સુલે, RJD નેતા મિસા ભારતી, સપા નેતા રામગોપાલ યાદવ અને DMK નેતાટી. આર. બાલુ સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે બાંગ્લાદેશની સ્થિતિ પર બપોરે 3.30 કલાકે લોકસભામાં નિવેદન આપશે.

## BANGLADESH _UPDATED

બાંગ્લાદેશના રાષ્ટ્રપતિએ ટૂંક સંસદ બરખાસ્ત કરવાની જાહેરાત કરી છે. આ સાથે જ પાડોશી દેશમાં વચગાળાની સરકાર રચવા માટેની કવાયત તેજ બની છે. દરમિયાન વિદ્યાર્થી સંગઠનોની માગ પર નોબેલ પુરસ્કાર વિજેતા અર્થશાસ્ત્રી યુનુસ ખાનને નવી સરકારના મુખ્ય સલાહકાર નિમાય તેવી શક્યતા છે. એક અહેવાલ પ્રમાણે બાંગલાદેશના ભૂતપુર્વ પ્રધાનમંત્રી શેખ હસિના બ્રિટનમાં શરણ પ્રાપ્ત કરે ત્યાં સુધી ભારત તેમને મદદ પૂરી પાડશે. જો કે, શેખ હસીનાને રાજકીય આશ્રય આપવા અંગે બ્રિટન સરકારે કોઇ પુષ્ટી કરી નથી.

દરમિયાન શેખ હસીનાના પુત્ર સાજીબ વાજેદ ઝાઈએ એક નિવેદનમાં જણાવ્યું છે કે તેમના માતા રાજકરણમાં પાછા નહીં ફરે. પૂર્વ મુખ્ય સલાહકાર સાજીબે સોમવારે જણાવ્યું હતું કે તેમની માતા શેખ હસીનાએ પરિવારની વિનંતી પર તેમની સુરક્ષા માટે દેશ છોડી દીધો છે. વધુમાં ઉમેર્યું કે તેમણે 15 વર્ષ સુધી બાંગ્લાદેશ પર શાસન કર્યું હતું, પરંતુ વર્તમાન સ્થિતિથી તેઓ ખૂબ જ નારાજ છે.

ગઈકાલે ઢાકામાં વિદ્યાર્થી સંગઠનોએ વિશાળ કૂચ બાદ સરકારી કચેરીઓ તેમજ પ્રધાનમંત્રી આવાસ સહિતના મહત્વના સ્થાનો પર હલ્લો બોલાવ્યો હતો.

સૈન્ય પ્રમુખની જાહેરાત બાદ સરકારી અને અર્ધસરકારી ઑફિસ, ખાનગી ઑફિસ, ફેક્ટરી, શાળા સહિત તમામ પ્રકારની શિક્ષણ સંસ્થાઓ આજે રાબેતા મુજબ ખુલી છે. બાંગ્લાદેશમાં અનામતના વિરોધમાં છેલ્લા એક મહિનાથી થઈ રહેલા પ્રદર્શનોમાં અત્યાર સુધીમાં 300થી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે.

## PRESI FIJI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ફિજીની રાજધાની સુવામાં ભારતીય સમુદાય દ્વારા આયોજીત સમારોહની અધ્યક્ષતા કરી. સભાને સંબોધિત કરતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે તેમને ફિજીમાં ઘર જેવી અનુભૂતિ થઈ રહી છે. ફિજીમાં ભારતીય મૂળના લોકોએ પોતાની સંસ્કૃતિ અને મૂલ્યો જાળવી રાખવા બદલ રાષ્ટ્રપતિએ આનંદ વ્યક્ત કર્યો હતો.

વધુમાં શ્રી મુર્મુએ કહ્યું કે ફિજીમાં ભારતીય પ્રવાસીઓએ ફિજી અને પ્રશાંત ક્ષેત્રના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે. તેમણે ઉમેર્યું કે ભારત અને ફિજી વચ્ચે ઐતિહાસિક સંબંધો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ફિજીના રાષ્ટ્રપતિ રાતુ વિલિયમ માઇવલીલી કેતોનિવેર અને પ્રધાનમંત્રી સિતિવેની રાબુકા સાથે દ્વીપક્ષીય બેઠક કરશે.

## BIMSTEC

ભારતની અધ્યક્ષતામાં બંગાળની ખાડી બહુ ક્ષેત્રીય તકનિકી અને આર્થિક સહકાર – બિમ્સટેકના વ્યાપાર શિખર સંમેલનનો આજથી નવી દિલ્હીમાં પ્રારંભ થઈ રહ્યો છે. વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકર આ ત્રણ દિવસીય સંમેલનનું ઉદઘાટન કરશે, જ્યારે વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પિયૂષ ગોયેલ સહિતના નેતાઓ તેને સંબોધિત કરશે.

આ કાર્યક્રમમાં બિમ્સટેકના સભ્ય દેશોના મંત્રીઓ, ઉચ્ચ સરકારી અધિકારીઓ, નીતિ ઘડવૈયા, ઉદ્યોગપતિઓ, તેમજ ઉદ્યોગ સાહસિકો ભાગ લેશે. વિદેશ મંત્રાલયનું કહેવું છે કે બિમસ્ટેક વ્યાપાર શિખર સંમેલન બંગાળની ખાડી વિસ્તારના ત્રણસોથી વધુ હિતધારકોને એક મંચ પર લાવશે. જેથી આ વિસ્તારમાં આર્થિક સહકાર મજબૂત બનશે, સાથે જ વ્યાપર સુવિધાઓ, પ્રાદેશિક સંપર્ક, ઊર્જા સહકાર, સમાવેશી વિકાસ તેમજ સતત વિકાસ જેવા ક્ષેત્રોમાં આગળ વધવાના વિકલ્પો શોધી શકાય. મંત્રાલયે એમ પણ કહ્યું છે કે આ શિખર સંમેલનનો હેતુ બિમ્સટેક સભ્ય દેશો

વચ્ચે મજબૂત વ્યાપાર અને રોકાણ સંબંધો દ્વારા પ્રાદેશિક સહકારને પ્રોત્સાહન આપવાનો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

## IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે ઉત્તર પશ્ચિમ અને પૂર્વીય ભારતના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ અનુસાર પશ્ચિમ બંગાળના પર્વતીય વિસ્તારો, અને સિક્કીમમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. તો અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં આગામી બે દિવસમાં ભારે વરસાદની શક્યતા છે.

ઉપરાંત ઝારખંડ, બિહાર, ઓડિશા અને તટિય બંગાળના કેટલાક ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે, જ્યારે તમિલનાડુ, પશ્ચિમ રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, પંજાબ, જમ્મૂ કાશ્મીર, હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડમાં આજે મધ્યમથી હળવા વરસાદની શક્યતા છે. મધ્યપ્રદેશ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને ગુજરાતમાં પણ બે દિવસમાં હળવોથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે.

## ASSAM-FLOODS

આસામમાં ભારે વરસાદ બાદ પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ગઈકાલે ગુવાહાટીમાં ભારે વરસાદ પડ્યો હતો જેને પગલે વાહનવ્યવહારને અસર થવા પામી હતી. અહીં ઠેર ઠેર રસ્તાઓ પર પાણી ભરાઈ જતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. દરમિયાન ભારે વરસાદની આગાહીને જોતા ગુવાહાટી મ્યુનિસિપલ વિસ્તારોમાં આજે પણ શાળા અને કોચિંગ સેન્ટર્સ બંધ રહેશે.

## ASSAM-FLOODS

આસામમાં ભારે વરસાદ બાદ પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ગઈકાલે ગુવાહાટીમાં ભારે વરસાદ પડ્યો હતો જેને પગલે વાહનવ્યવહારને અસર થવા પામી હતી. અહીં ઠેર ઠેર રસ્તાઓ પર પાણી ભરાઈ જતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. દરમિયાન ભારે વરસાદની આગાહીને જોતા ગુવાહાટી મ્યુનિસિપલ વિસ્તારોમાં આજે પણ શાળા અને કોચિંગ સેન્ટર્સ બંધ રહેશે.

## AMARNATH YATRA – JAMMU

એક દિવસ સ્થગિત કરાયા બાદ અમરનાથ યાત્રા રાબેતા મુજબ પુન: શરૂ થઈ છે. આજે વહેલી સવારે 1 હજાર 873 શ્રદ્ધાળુઓનું વધુ એક જૂથ જમ્મૂના ભાગવતીનગર યાત્રી નિવાસ બેઝ કૅમ્પ ખાતેથી અમરનાથ ગુફા માટે રવાના થયું હતું. આ શ્રદ્ધાળુઓ 69 જેટલા વાહનોના કાફલામાં નીકળ્યા છે. જેમાં 1 હજાર, 579 પુરૂષો, 202 મહિલાઓ, 65 સાધુ અને 27 સાધ્વીઓ સામેલ છે.

## UKRAINE-AID

અમેરિકાએ માનવતાવાદી વલણ અંતર્ગત યુક્રેનને 3.9 અબજ ડોલર એટલે કે 300 કરોડથી વધુની નાણાકીય સહાય મોકલાવી છે. આ સહાય અંગે યુક્રેનના નાણા પ્રધાન સેર્ગીમાર્ચેન્કોએ જણાવ્યું હતું કે, આ ગ્રાન્ટ યુક્રેનની સરકારને દેવાના બોજમાં વધારો કર્યા વિના સામાજિક અને માનવતાવાદી ખર્ચને પહોંચી વળવામાં મદદ કરશે.

આ ભંડોળ શિક્ષકો, બચાવકર્તાઓ અને જાહેર કર્મચારીઓ માટે વેતનના નાણાં માટે અને આંતરિક રીતે વિસ્થાપિત વ્યક્તિઓ, ઓછી આવક ધરાવતા પરિવારો અને વિકલાંગ લોકોને સહાય ચૂકવવા માટે ઉપયોગમાં લેવામાં આવશે. ફેબ્રુઆરી 2022 થી, યુક્રેનને તેના બજેટને ટેકો આપવા માટે અમેરિકન સરકાર તરફથી 27 અબજ ડોલરની સહાય આપવામાં આવી છે. આ વર્ષે, યુક્રેનને વોશિંગ્ટન તરફથી કુલ 7.8 બિલિયન ડોલર બજેટ સહાય મળવાની અપેક્ષા છે.

## INDIA TARANG SHAKTI

તામિલનાડુના સુલરમાં આજથી બહુરાષ્ટ્રીય લશ્કરી કવાયત ‘તરંગ શક્તિ 2024’નો પ્રારંભ થઈ રહ્યો છે. આ લશ્કરી કવાયતમાં અંદાજે 30 જેટલા દેશો ભાગ લઈ રહ્યા છે, જેમાંથી 10 દેશોના ફાઇટર એરક્રાફ્ટ પણ જોડાઈ રહ્યા છે. બે તબક્કામાં આયોજીત આ લશ્કરી કવાયતનો હેતુ દેશના સંરક્ષણ કૌશલ્યને પ્રદર્શન કરવાની સાથે, સહભાગી લશ્કરી દળોની આંતર ક્ષમતાને પ્રોત્સાહન આપવા માટેનો મંચ પૂરું પાડવાનો છે.

નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં વાયુદળના ઉપ પ્રમુખ એર માર્શલ એ. પી સિંહે જણાવ્યું કે આ લશ્કરી કવાયતનો પ્રથમ તબક્કો સુરલમાં આજથી 14 ઑગસ્ટ સુધી તો, બીજા તબક્કો રાજસ્થાનના જોધપુરમાં 29 ઓગસ્ટથી 14 સપ્ટેમ્બર સુધી યોજાશે.

## PARIS OLYMPICS SCHEDULE

પેરિસ ઑલિમ્પિકમાં આજે ભારત હોકી, એથ્લેટિક્સ, ટેબલ ટેનિસ અને કુસ્તીની રમતો રમશે. હૉકીમાં ફાઇનલમાં સ્થાન મેળવવા માટે ભારતીય ટીમ આજે જર્મનીની ટીમનો મુકાબલો કરશે. ભારતીય સમય અનુસાર રાત્રે સાડા દસ વાગે સેમિફાઇનલ મેચ રમાશે. ટોકિયો ઑલિમ્પિક 2020માં કાંસ્ય ચંદ્રક જીતનારી ભારતીય ટીમ આ વખતે આગળ વધવાનો પ્રયાસ કરશે. સુવર્ણ ચંદ્રક માટે ભારતની આશા સમાન નિરજ ચોપરા આજથી ભાલાફેંકમાં તેમના અભિયાનની શરૂઆત કરી રહ્યા છે. બપોરે ત્રણ વાગીને 20 મિનિટે ગૃપ બીની ક્વૉલિફાઇંગ મેચમાં રમશે.

એશિયન ગેમ્સમાં રજત ચંદ્રક વિજેતા કિશોર કુમાર જિણા ભાલાફેંકમાં ક્વૉલિફિકેશન માટેની ગૃપ એની મેચમાં ઉતરશે. મહિલાઓ માટેની 400 મીટરની રેસમાં ભારતના કિરણ પહલ અઢી વાગે દોડમાં ભાગ લેશે. તો કુસ્તીમાં બે વાર ઑલિમ્પિક વિજેતા વિનેશ ફોગટ, 50 કિલોગ્રામ વજન વર્ગની પ્રિ-ક્વાર્ટર ફાઇનલમાં જાપાનની ખેલાડી સામે અખાડામાં ઉતરશે. ટેબલ ટેનિસમાં ભારતીય પુરુષ ટીમના હરમીત દેસાઈ, માનવ

ઠક્કર અને અચંતા સરથ કમલ તેમના અભિયાનની શરૂઆત કરતા ચીનની પુરુષ ટીમ સામે મેચમાં ઉતરશે.